# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 46

[NOV - 2020]
[08/11/20 to 13/11/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

happy *Diwali*
*festival of lights*

HAPPY **New year**

MAY THIS FESTIVAL OF LIGHTS BRING
**HAPPINESS** AND **SUCCESS**
IN YOUR LIFE !!

*- Maulik Gondhiya*

## CURRENT TOPICS

- ભારતના EOS-01 સહિત ઈસરો દ્વારા કુલ 10 સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતની હજીરા-ઘોઘા રો પેકસ સર્વિસનો પ્રારંભ
- BS-6 મોડલની 1000 બસો સંચાલનમાં મૂકનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બનશે
- ગુજરાતી ભાષાને પોતાની માતૃભાષા ગણનાર ‘સવાયા ગુજરાતી’ શ્રી ફાધર વાલેસનું નિધન
- અમેરિકાના રાષ્ટ્રપતિ પદની 59મી ચૂંટણીમાં શ્રી જો બિડેન અમેરિકાના 46મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા
- IPL 2020માં મુંબઈ ઈન્ડિયન્સ રેકોર્ડ પાંચમી વખત ચેમ્પિયન

WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 8 NOVEMBER, 2020 SUNDAY

### ➤ દિવસ મહિમા : 8 નવેમ્બર, વિશ્વ શહેરીકરણ દિવસ (World Urbanism Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 નવેમ્બરના રોજ 'વિશ્વ શહેરીકરણ દિવસ' ઉજવાય છે.

- તેને 'વિશ્વ ટાઉન પ્લાનિંગ દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**નોંધ :** 'વિશ્વ શહેરીકરણ દિવસ' 8 નવેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ શહેર દિવસ' 31 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

### ➤ ભારતમાં શણની ખેતી કરતા ખેડૂતો માટે કેન્દ્ર સરકારનો મહત્ત્વનો નિર્ણય

ભારતમાં શણની ખેતી કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે કેન્દ્ર સરકારે એક અગત્યનો નિર્ણય કર્યો છે.

- સરકારના આ નિર્ણય અનુસાર –
  - (1) ભારતમાં અનાજનું 100 ટકા પેકિંગ શણના કોથળામાં જ અથવા તો શણની બેગમાં જ કરવામાં આવશે.
  - (2) ખાંડનું ઓછામાં ઓછું 20 ટકા પેકિંગ શણની બેગમાં જ થશે.
- સરકારના આ નિર્ણયથી ભારતના પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા, આસામ, આંધ્રપ્રદેશ, ત્રિપુરા, મેઘાલય જેવા રાજ્યોના શણની ખેતી કરતા ખેડૂતોને લાભ થશે.

**નોંધ :** ભારતમાં 'શણ પેકિંગ સામગ્રી એક્ટ, 1987'ની જોગવાઈ અનુસાર કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ભારતના EOS-01 સહિત ઈસરો દ્વારા કુલ 10 સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ

7 નવેમ્બર, 2020ના રોજ ભારતના ઈસરો દ્વારા 10 સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે.

- કોરોના મહામારી બાદ ભારતના ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલું આ પ્રથમ મિશન હતું.

### આ સેટેલાઈટ ક્યાંથી લોન્ચ કરવામાં આવ્યા હતા ?

ભારતમાં આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતિષ ધવન સ્પેસ સેન્ટર પરના પ્રથમ લોન્ચ પેડ પરથી આ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા.

### કયા રોકેટની મદદથી આ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા ?

ઈસરો દ્વારા PSLV-C49 નામના રોકેટની મદદથી આ 10 ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા.

- આ PSLVની 51મી ફ્લાઈટ હતી.

**નોંધ :** PSLVનું પૂરું નામ Polar Satellite Launch Vehicle છે.

### કયા દેશના 10 સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા?

PSLV-C49 નામના રોકેટની મદદથી ઈસરો દ્વારા ભારત સહિત કુલ 4 દેશના 10 ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા.

- જેમાં ભારતનો 1, અમેરિકાના 4, લક્ઝમબર્ગના 4 અને લિથુઆનિયાના 1 ઉપગ્રહનો સમાવેશ થાય છે.

| ક્રમ | દેશ | ઉપગ્રહની સંખ્યા |
|---|---|---|
| 1 | ભારત | 1 |
| 2 | લિથુઆનિયા | 1 |
| 3 | અમેરિકા | 4 |
| 4 | લક્ઝમબર્ગ | 4 |
| | કુલ | 10 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આ 10 ઉપગ્રહમાંથી ઈસરો દ્વારા ભારતનો પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ EOS-01 લોન્ચ કરવામાં આવ્યો હતો.

## EOS-01

EOS-01 એ ભારતનો Earth Observation Satellite (પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ) અથવા તો Earth Imaging Satellite છે.

- ભારતમાં કૃષિ તથા વન્ય પ્રદેશો પર નજર રાખવા તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે આ ઉપગ્રહ ઉપયોગી છે.
- આ ઉપરાંત લશ્કરી સર્વેલન્સ તથા દુશ્મન દેશો પર નજર રાખવા માટે પણ આ ઉપગ્રહ ઉપયોગી થશે.
- આ ઉપગ્રહમાં X-band તથા Synthetic Aperture Radar (SAR)નો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- વળી, આ ઉપગ્રહ તમામ ઋતુ અને તમામ વાતાવરણમાં કામગીરી કરવા માટે સક્ષમ છે.
- EOS-01 એ ભારતના RISAT સિરિઝના સેટેલાઈટનો એક ભાગ છે.
- તે RISAT-2B અને RISAT-2BR1 બાદ આ સિરિઝનો ત્રીજો સેટેલાઈટ છે.

**નોંધ :** EOS-01ને RISAT-2BR2 તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISRO

ISROનું પૂરું નામ Indian Space Research Organisation (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર) છે.

- ઈસરો એ ભારતની મુખ્ય અવકાશ સંસ્થા છે.
- વિશ્વની સૌથી મોટી 6 સરકારી સ્પેસ એજન્સીઓમાં તેનો સમાવેશ થાય છે.
- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (Indian National Committee for Space Research) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલું છે.
- તેનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેક્નોલોજી' છે.
- ઈસરોના વર્તમાન (8 નવેમ્બર, 2020ની સ્થિતિએ) વડા ડો. કે. સિવન અથવા તો ડો. કૈલાસવદિવૂ સિવન છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

1. 'વિશ્વ શહેરીકરણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 નવેમ્બર (B) 7 નવેમ્બર (C) 8 નવેમ્બર (D) 9 નવેમ્બર **(C)**

2. 'વિશ્વ શહેર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 30 ઓગસ્ટ (B) 31 ઓકટોબર (C) 30 નવેમ્બર (D) 3 ડિસેમ્બર **(B)**

3. ભારતમાં શણની ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે અનાજનું કેટલા ટકા પેકિંગ શણના કોથળા કે શણની બેગમાં જ કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે ?
(A) 20 ટકા (B) 40 ટકા (C) 80 ટકા (D) 100 ટકા **(D)**

4. ભારતમાં શણની ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે ખાંડનું કેટલા ટકા પેકિંગ શણના કોથળા કે શણની બેગમાં જ કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે ?
(A) 20 ટકા (B) 40 ટકા (C) 80 ટકા (D) 100 ટકા **(A)**

5. ભારતમાં શણની ખેતી કરતા ખેડૂતોને લાભ થાય તે માટે કેન્દ્ર સરકારે ભારતમાં શેનું 100 ટકા પેકિંગ શણના કોથળા કે શણની બેગમાં જ કરવાનો નિર્ણય કર્યો છે ?
(A) ડુંગળી (B) બટાટા (C) કોલસા (D) અનાજ **(D)**

6. 7 નવેમ્બર 2020ના રોજ ભારતના ઈસરો દ્વારા એક સાથે કુલ કેટલા ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે ?
(A) 8 (B) 10 (C) 12 (D) 18 **(B)**

7. 7 નવેમ્બર 2020ના રોજ ઈસરો દ્વારા કયાંથી એક સાથે કુલ 10 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે ?
(A) ચાંદીપુર, ઓડિશા (B) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ
(C) વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ (D) તિરુવનંતપુરમ, કેરળ **(B)**

8. 7 નવેમ્બર 2020ના રોજ ઈસરો દ્વારા કયા રોકેટની મદદથી એક સાથે કુલ 10 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે ?
(A) PSLV-C46 (B) PSLV-C47
(C) PSLV-C48 (D) PSLV-C49 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. 7 નવેમ્બર 2020ના રોજ ઈસરો દ્વારા ભારત સિવાય અન્ય કયા દેશના કુલ 9 ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે ?

(A) અમેરિકા, લેસોથો, લાઈબેરિયા (B) અમેરિકા, લેસોથો, લેબેનોન

(C) અમેરિકા, લેસોથો, લકઝમબર્ગ (D) અમેરિકા, લિથુઆનિયા, લકઝમબર્ગ **(D)**

10. 7 નવેમ્બર 2020ના રોજ ઈસરો દ્વારા ભારતનો કયો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે ?

(A) IOE-01 (B) EOI-01 (C) EOS-01 (D) IOS-01 **(C)**

11. 'EOS-01' ભારતનો કયા પ્રકારનો ઉપગ્રહ છે ?

(A) હવામાન (B) કોમ્યુનિકેશન

(C) નિરીક્ષણ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

12. 'EOS-01' ભારતની કઈ સિરિઝનો સેટેલાઈટ છે ?

(A) RISAT (B) RIMAT (C) RICAT (D) Cartosat **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




Priyaben Bopaliya

GSCSCL

ASSISTANT DEPOT MANAGER

ICE® ના વિદ્યાર્થીને

નિમણૂક પામવા બદલ

ખૂબ ખૂબ અભિનંદન...

## 9 NOVEMBER, 2020 MONDAY

### ➤ દિવસ મહિમા : 9 નવેમ્બર, રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ (National Legal Service Day)

### ➤ GTUના 'ગાંધીવિચાર મંજૂષા 2020' પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિમોચન



નવેમ્બર 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** **ગાંધીનગર** ખાતેથી **'ગાંધીવિચાર મંજૂષા 2020'** પુસ્તકનું વિમોચન કર્યું છે.

- મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ગુજરાતની **Gujarat Technological University (GTU)** દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.
- જેનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિમોચન કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ પુસ્તકની વિશેષતા

વર્તમાન સમયમાં ગાંધી વિચારને લોકો જાણે અને સમજે તે માટે GTU દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

- આ માટે GTU દ્વારા વિદ્યાર્થીઓ માટે અને અધ્યાપકો માટે જુદા–જુદા બે વિષયોમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં **વિદ્યાર્થીઓ** માટે **'21મી સદીમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા'** વિષય પર અને **અધ્યાપકો** માટે **'એજન્ડા 2030 (SDG) સિદ્ધ કરવામાં ગાંધીવિચારની ભૂમિકા'** વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી.
- જેમાં બંને શ્રેણીમાં **પ્રથમ 10 વિજેતા**ના **નિબંધનો** આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**નોંધ :** આ નિબંધ સ્પર્ધાનું આયોજન ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં થયું હતું.

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતની હજીરા-ઘોઘા રો પેક્સ સર્વિસનો પ્રારંભ

8 નવેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **ગુજરાત**ના **સુરત**ના **હજીરા** અને **ભાવનગર**ના **ઘોઘા** બંદર વચ્ચે **રો પેક્સ સર્વિસ**નો વર્ચ્યુઅલ શુભારંભ કરાવ્યો છે.

- જેનાથી આ બે સ્થળો વચ્ચે હવે દરિયાઈ માર્ગે પરિવહન શક્ય બનશે.
- આ ઉપરાંત આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **હજીરા**ના **નવનિર્મિત પોર્ટ ટર્મિનલનું** પણ લોકાર્પણ કર્યું હતું.

### હજીરા-ઘોઘા રો પેક્સ સર્વિસની વિશેષતા



ગુજરાતના **સુરત** અને **ભાવનગર** જિલ્લા વચ્ચે સમુદ્રમાં આ સેવા શરૂ કરવામાં આવી છે.

- જેમાં **સુરત**ના **હજીરા** અને **ભાવનગર**ના **ઘોઘા** વચ્ચે આ રો પેક્સ સર્વિસનો પ્રારંભ થયો છે.
- ગુજરાતના ઘોઘા અને હજીરા વચ્ચેનું રોડ માર્ગે અંતર આશરે **370 કિમી** જેટલું છે.
- જે આ રો પેક્સ સર્વિસને કારણે ઘટીને દરિયાઈ માર્ગે માત્ર **90 કિલોમીટર** જેટલું રહેશે.
- આ ઉપરાંત સૌરાષ્ટ્રથી રોડ માર્ગે સુરત જવા માટે **10થી 12 કલાક** થઈ થશે.
- આ રો પેક્સ સર્વિસને કારણે આ સમય ઘટીને માત્ર **4 કલાક** થઈ જશે.
- આ ઉપરાંત, આ રો પેક્સ સર્વિસને કારણે લોકો પોતાની **બાઈક કે કાર સાથે પણ** પરિવહન કરી શકશે. જે પહેલા સંભવ ન હતું. અથવા તો રોડ માર્ગે ખૂબ જ ખર્ચાળ હતું.
- આ રો પેક્સ ફેરી સેવાથી દરરોજ આશરે **9000 લિટર ઈંધણ**ની બચત થશે.
- જેનાથી કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં મોટો ઘટાડો કરી શકાશે.
- આમ, આ રો પેક્સ ફેરી સેવાથી સૌરાષ્ટ્ર અને સુરત વચ્ચેની અવરજવર સસ્તી, સરળ અને સુગમ બનશે.

### કયા જહાજ દ્વારા આ સેવા શરૂ કરવામાં આવી છે ?

હજીરા–ઘોઘા વચ્ચે **'વોયેજ સિમ્ફોની'** નામની કંપનીના **'વોયેજ સિમ્ફોની' (Voyage Symphony)** નામના જહાજ દ્વારા આ સેવા શરૂ કરવામાં આવી છે.

- આ જહાજ એક સાથે 30 ટ્રક, 100 પેસેન્જર કાર અને 500 પેસેન્જર તથા 34 શિપ ક્રૂ મેમ્બરની વહન ક્ષમતા ધરાવે છે.
- તેમાં ફૂડ કોર્ટ તથા સુરક્ષાની પણ વ્યવસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

**નોંધ :** (1) આ રો પેકસ સર્વિસ <u>દિવસમાં ત્રણ રાઉન્ડ ટ્રીપ</u> કરશે.

(2) ગુજરાતનું <u>હજીરા</u> બંદર <u>સુરત</u> જિલ્લાના <u>ચોર્યાસી તાલુકા</u>માં આવેલું છે.

(3) જ્યારે <u>ઘોઘા</u> બંદર <u>ભાવનગર</u> જિલ્લાના <u>ઘોઘા તાલુકા</u>માં આવેલું છે.



ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(B)**

2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં 'ગાંધીવિચાર મંજૂષા 2020' પુસ્તકનું વિમોચન કર્યું છે...આ પુસ્તક ગુજરાતની કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે ?
(A) ગુજરાત યુનિવર્સિટી (B) ગૂજરાત વિદ્યાપીઠ
(C) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (D) GTU **(D)**

3. 8 નવેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કયા બે બંદરો વચ્ચે રો પેકસ સર્વિસનો શુભારંભ કરાવ્યો છે ?
(A) દહેજ–ઘોઘા (B) હજીરા–ઘોઘા
(C) સચિન–ઘોઘા (D) વાપી–ઘોઘા **(B)**

4. 8 નવેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કયા બે જિલ્લાઓ વચ્ચે રો પેકસ સર્વિસનો શુભારંભ કરાવ્યો છે ?
(A) સુરત–ભાવનગર (B) સુરત–જામનગર
(C) સુરત–દ્વારકા (D) સુરત–પોરબંદર **(A)**

5. 8 નવેમ્બર 2020ના રોજ ગુજરાતના હજીરા–ઘોઘા વચ્ચે કોના દ્વારા રો પેકસ સર્વિસનો શુભારંભ કરાવવામાં આવ્યો છે ?
(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી આચાર્ય દેવવ્રત
(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી રામનાથ કોવિંદ **(C)**

6. 8 નવેમ્બર 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કયા નવનિર્મિત પોર્ટ ટર્મિનલનો શુભારંભ કરાવ્યો હતો ?
(A) ધોલેરા (B) હજીરા (C) દહેજ (D) કંડલા **(B)**

7. ગુજરાતમાં કયા જહાજ દ્વારા હજીરા–ઘોઘા વચ્ચે રો પેકસ સર્વિસ શરૂ કરવામાં આવી છે ?
(A) રોયલ સિમ્ફોની (B) વોયેજ સિમ્ફોની
(C) સોયેજ સિમ્ફોની (D) વિયોના સિમ્ફોની **(B)**

8. હજીરા બંદર સુરતના કયા તાલુકામાં આવેલું છે ?
(A) કામરેજ (B) પલસાણા (C) ચોર્યાસી (D) ઓલપાડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10 NOVEMBER, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 10 નવેમ્બર, શાંતિ અને વિકાસ માટેનો વિશ્વ વિજ્ઞાન દિવસ (World Science Day for Peace and Development)

## ➤ BS-6 મોડલની 1000 બસો સંચાલનમાં મૂકનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બનશે



ભારતમાં પ્રદૂષણમાં ઘટાડો કરવા માટે 1 એપ્રિલ 2020થી તમામ વાહનો માટે BS-4ની જગ્યાએ BS-6 એમિસન નોમ્સ ધરાવતા વાહનો ફરજિયાત કરવામાં આવ્યા છે.

- આ અંતર્ગત ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા ચાલુ નાણાકીય વર્ષ 2020-21ના અંત સુધીમાં ગુજરાતમાં BS-6 મોડલની 1000 બસો સંચાલનમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- આ સાથે જ BS-6 એમિસન નોમ્સની એક સાથે 1000 બસો સંચાલનમાં મૂકનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બની જશે.
- આ નવી બસો માટે અંદાજે રૂ. 240 કરોડનો ખર્ચ થશે.

**નોંધ :** ગુજરાત એસ.ટી. નિગમ અથવા તો GSRTCનું પૂરું નામ Gujarat State Road Transport Corporation (ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ શ્રી જ્ઞાનેન્દ્રો નિંગોંબમ હોકી ઈન્ડિયાના નવા અધ્યક્ષ બન્યા



ભારતના મણિપુરના શ્રી જ્ઞાનેન્દ્રો નિંગોંબમ હોકી ઈન્ડિયા (Hockey India)ના નવા અધ્યક્ષ તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા છે.

- આ સાથે જ શ્રી જ્ઞાનેન્દ્રો નિંગોંબમ હોકી ઈન્ડિયાના અધ્યક્ષ બનનાર પૂર્વોત્તર ભારતના પ્રથમ વ્યક્તિ બની ગયા છે.
- હોકી ઈન્ડિયાના નવા અધ્યક્ષ તરીકે શ્રી જ્ઞાનેન્દ્રો નિંગોંબમે શ્રી મુસ્તાક અહમદનું સ્થાન લીધું છે.

## ➤ ઉત્તરાખંડમાં ભારતના સૌથી લાંબા સિંગલ લેન મોટરેબલ સસ્પેન્શન બ્રિજનું ઉદ્‌ઘાટન

8 નવેમ્બર 2020ના રોજ ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે ઉત્તરાખંડમાં ડોબરા-ચાંઠી પુલનું ઉદ્‌ઘાટન કર્યું છે.

- ઉત્તરાખંડમાં નિર્માણ પામેલો આ 'ડોબરા-ચાંઠી પુલ' ભારતનો સૌથી લાંબો સિંગલ લેન મોટરેબલ સસ્પેન્શન બ્રિજ છે.
- ઉત્તરાખંડના ટિહરી-ગઢવાલ જિલ્લામાં ટિહરી લેક પર આ બ્રિજ આવેલો છે.
- આ પુલની લંબાઈ 725 મીટર છે.
- આ પુલના નિર્માણથી આ પ્રદેશના પર્યટન ઉદ્યોગને વેગ મળશે.

## ➤ કોરોના સંક્રમણ રોકવા ડેન્માર્ક સરકાર દ્વારા દોઢ કરોડ મિંક(Mink)ને મારવાનો આદેશ

ડેન્માર્ક સરકારે ડેન્માર્કમાં તમામ 'મિંક' (દેખાવમાં ઉંદર જેવા લાગતા જીવને) મારવાનો આદેશ આપ્યો છે.

- ડેન્માર્કમાં લગભગ 1.5 કરોડથી 1.7 કરોડ જેટલા મિંક હોવાનો અંદાજ છે.
- ડેન્માર્કમાં કોરોના સંક્રમણ ફેલાતુ રોકવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

**નોંધ :** આ અગાઉ નેધરલેન્ડ અને સ્પેનમાં પણ કોરોના સંક્રમણને કારણે મિંકને મારવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'શાંતિ અને વિકાસ માટેના વિશ્વ વિજ્ઞાન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(C)**

2. ભારતમાં સૌપ્રથમ વખત કયા રાજ્યમાં BS-6 મોડલની એક સાથે 1000 બસો સંચાલનમાં મૂકવામાં આવશે ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) હરિયાણા (D) ઉત્તરપ્રદેશ **(B)**

3. ભારતમાં હોકી ઈન્ડિયાના નવા અધ્યક્ષ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?
(A) શ્રી તામજોંગ બોંબલોંગ (B) શ્રી જ્ઞાનેન્દ્રો નિંગોંબમ
(C) શ્રી અવનેન્દ્ર તોંગજોંગ (D) શ્રી શૈલેન્દ્ર જિંગપોંગ **(B)**

4. શ્રી જ્ઞાનેન્દ્રો નિંગોંબમ હોકી ઈન્ડિયાના અધ્યક્ષ બનનાર પૂર્વોત્તર ભારતના પ્રથમ વ્યક્તિ બન્યા છે....તેમના રાજ્યનું નામ શું છે ?
(A) મેઘાલય (B) સિક્કિમ (C) ત્રિપુરા (D) મણિપુર **(D)**

5. શ્રી જ્ઞાનેન્દ્રો નિંગોંબમ હોકી ઈન્ડિયાના અધ્યક્ષ બનનાર પૂર્વોત્તર ભારતના પ્રથમ વ્યક્તિ બન્યા છે....તેમણે હોકી ઈન્ડિયાના નવા અધ્યક્ષ તરીકે કોનું સ્થાન લીધું છે ?
(A) શ્રી ઈકબાલ અહમદ (B) શ્રી ઈમ્તિયાઝ અહમદ
(C) શ્રી મુસ્તાક અહમદ (D) શ્રી સરફરાજ અહમદ **(C)**

6. ભારતના કયા રાજ્યમાં ભારતના સૌથી લાંબા સિંગલ લેન મોટરેબલ સસ્પેન્શન બ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ?
(A) ઉત્તરાખંડ (B) ઝારખંડ (C) છત્તીસગઢ (D) ઓડિશા **(A)**

7. કોરોના સંક્રમણ રોકવા કયા દેશની સરકારે લગભગ 1.5 કરોડ જેટલા મિંક (Mink) મારવાનો આદેશ આપ્યો છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) ડેન્માર્ક (D) ન્યુઝીલેન્ડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 11 NOVEMBER, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ (National Education Day)



ભારતમાં દર વર્ષે 11 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારત સરકારના પ્રથમ શિક્ષણ મંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદની યાદમાં તેમનો જન્મદિન 11 નવેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં વિધિવત્ રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008થી થયો હતો.

### ➤ ગુજરાતી ભાષાને પોતાની માતૃભાષા ગણનાર 'સવાયા ગુજરાતી' શ્રી ફાધર વાલેસનું નિધન



"આ ગુજરાતી ભાષા જેવી સરળતા
બીજે ક્યાંક જો જોવા મળે
તો તમે એક
નવી શોધ કરી છે એમ માનજો"

– શ્રી ફાધર વાલેસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

મૂળ સ્પેનમાં જન્મેલા પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસનું 9 નવેમ્બર, 2020ના રોજ સ્પેનના મેડ્રિડ ખાતે 95 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 4 નવેમ્બર 1925ના રોજ સ્પેનના લોગ્રોનો ખાતે થયો હતો.
- તેમનું મૂળ નામ શ્રી કાર્લોસ ગોન્ઝાલેઝ વાલેસ હતું.
- જોકે મિશનરી તરીકેની દીક્ષા બાદ તેઓ 'ફાધર વાલેસ' તરીકે ઓળખાયા હતા.

#### જીવન

શ્રી ફાધર વાલેસે તેમના જીવનના પ્રારંભના 24 વર્ષ સ્પેનમાં વીતાવ્યા હતા.

- ત્યારબાદ 1949માં કેથલિક મિશનરી તરીકે તેઓ ભારત આવ્યા હતા.
- ભારતમાં ચેન્નાઈની મદ્રાસ યુનિવર્સિટીમાં ગણિત વિષય સાથે 1953માં તેમણે M.A. કર્યું હતું.
- 1960થી 1982 દરમિયાન ગુજરાતના અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગણિત વિષયના અદ્યાપક તરીકે તેઓ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય થયા હતા.

- આ સમયે તેમણે લગભગ 10 વર્ષ સુધી **અમદાવાદ**ની પોળોમાં વિહારયાત્રા કરી હતી અને તેઓ **'રખડતા મહેમાન'** તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- અંતે શિક્ષણ કાર્યમાંથી નિવૃત્તિ લઈને પોતાની વૃદ્ધ માતાની સેવા માટે 1999માં તેઓ સ્પેન પાછા ફર્યા હતા.

## સર્જન

શ્રી ફાધર વાલેસે **ગુજરાતી**, **અંગ્રેજી** અને **સ્પેનિશ** ભાષામાં સર્જન કર્યું છે.

- તેમના સર્જનમાં **75 ગુજરાતી પુસ્તકો** ઉપરાંત **અંગ્રેજી**માં લખાયેલા **24 પુસ્તકો** અને **સ્પેનિશ** ભાષાના **42 પુસ્તકો**નો સમાવેશ થાય છે.
- શ્રી ફાધર વાલેસ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ **નિબંધ લેખક** હતા.
- ગુજરાતી ભાષામાં લખાયેલો તેમનો **પ્રથમ નિબંધ સંગ્રહ** તથા તેમનું **પ્રથમ પુસ્તક 'સદાચાર' (1960)** છે.
- **ગુજરાત સમાચાર**માં તેમની **'નવી પેઢીને'** નામની કોલમ પણ ખૂબ જ લોકપ્રિય થઈ હતી.
- **'સદાચાર'**, **'તરુણાશ્રમ'**, **'ગાંધીજી અને નવી પેઢી'** એ તેમના પ્રસિદ્ધ **નિબંધ સંગ્રહ** છે.
- આ ઉપરાંત તેમના ગુજરાતી પુસ્તકોમાં 'શબ્દલોક', 'વાણી તેવું વર્તન', 'પ્રસન્નતાની પાંદડીઓ', 'રોમ રોમ', 'પરદેશ', 'જીવન જીવતાં', 'સાધકની આંતરકથા', 'આત્મીય ક્ષણો', 'મૃગચર્યાના લાભ', 'ઘરના પ્રશ્નો', 'વ્યકિત ઘડતર, જીવન ઘડતર, સમાજ ઘડતર', 'કુટુંબમંગલ', 'વ્યકિતમંગલ', 'ધર્મમંગલ', જીવનમંગલ', 'સમાજમંગલ', 'શિક્ષણમંગલ', 'લગ્નસાગર' વગેરેનો સમાવેશ થાય છે.
- તેમણે અન્ય લેખકો સાથે મળીને ગુજરાતીમાં **ગણિતના પાઠ્યપુસ્તકો** પણ લખ્યા હતા.
- એ સિવાય તેમણે **ગણિત** વિષય અંગે **12** જેટલા પુસ્તકો લખ્યા હતા.

## આત્મકથા

શ્રી ફાધર વાલેસની આત્મકથા અથવા તો આત્મકથનાત્મક કૃતિનું નામ **'આત્મકથાના ટુકડા' (1979)** છે.

- જેમાં તેમના જીવનની રસપ્રદ વિગતોનો સમાવેશ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## એવોર્ડ

શ્રી ફાધર વાલેસને –

(1) કુમાર ચંદ્રક (1966) અને

(2) રણજીતરામ સુવર્ણચંદ્રક (1978)

એવોર્ડ એનાયત થયા હતા.

- આ ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા એમના પુસ્તકો માટે એમને –

(1) શ્રી અરવિંદ ચંદ્રક

(2) સચ્ચિદાનંદ સમ્માન

એનાયત થયા હતા.

- આ ઉપરાંત તેમને **'આચાર્ય કાકાસાહેબ કાલેલકર એવોર્ડ ફોર યુનિવર્સિલ હાર્મની'** અને **'રામકૃષ્ણ જયદલાલ હાર્મની એવોર્ડ'** પણ એનાયત થયા હતા.

**નોંધ :** (1) શ્રી ફાધર વાલેસ ગુજરાતના પ્રતિષ્ઠિત **'રણજીતરામ સુવર્ણચંદ્રક'** એવોર્ડ વિજેતા **પ્રથમ વિદેશી** હતા.

(2) શ્રી ફાધર વાલેસે ગુજરાતની સ્થાપના થઈ એ જ દિવસે એટલે કે, 1 મે 1960ના રોજ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગણિતના અધ્યાપક તરીકે ગુજરાતમાં પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. અને ત્યારબાદ ગુજરાતી ભાષા સાહિત્યને સમૃદ્ધ કરીને **'સવાયા ગુજરાતી'** તરીકેની ઓળખ પામ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં કેન્દ્ર સરકારના 'શિપિંગ મંત્રાલય'નું નામ બદલીને 'બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય' રાખવામાં આવશે

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** ભારતના **'શિપિંગ મંત્રાલય' (Ministry of Shipping)નું** નામ બદલવાની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત ભારતના 'શિપિંગ મંત્રાલય'નું નામ બદલીને –

  **'બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય'**

  **(Ministry of Ports, Shipping and Waterways)**

  રાખવામાં આવશે.

- ભારતમાં કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા શિપિંગ ઉપરાંત પણ અન્ય કેટલાક મહત્ત્વના કાર્યો કરવામાં આવે છે. જેમકે, બંદરો અને જળમાર્ગોની દેખરેખ વગેરે.

- જોકે, આ મંત્રાલયના જૂના નામ પરથી આ મંત્રાલયના અન્ય કાર્યો વિશે સ્પષ્ટતા થતી ન હોવાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના 'શિપિંગ મંત્રાલય'નું નામ બદલવાની જાહેરાત કરી છે.

## ➤ ભારતના સુશ્રી વિદિશા મૈત્રા સંયુક્ત રાષ્ટ્રની એક મહત્ત્વની સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા

ભારતના **સુશ્રી વિદિશા મૈત્રા** સંયુક્ત રાષ્ટ્રની **'વહીવટી અને બજેટના પ્રશ્નો અંગેની સલાહકાર સમિતિ'**ના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- આ સમિતિ સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બ્લીની **પાંચમી સમિતિ** છે.
- જે જનરલ એસેમ્બ્લીના **વહીવટી અને બજેટ સંબંધિત પ્રશ્નો** અંગે નિર્ણય લે છે.
- સુશ્રી વિદિશા મૈત્રા **3 વર્ષ** માટે આ સમિતિના સભ્ય રહેશે.
- તેમના કાર્યકાળનો પ્રારંભ **1 જાન્યુઆરી, 2021**થી થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સુશ્રી વિદિશા મૈત્રા




સુશ્રી વિદિશા મૈત્રા 2009ની બેચના ભારતના IFS ઓફિસર છે.

- તેઓ હાલ **સંયુક્ત રાષ્ટ્ર**માં ભારતના સ્થાયી મિશનમાં ભારતના વિદેશ મંત્રાલયના **પ્રથમ સચિવ** તરીકે કાર્યરત છે.
- સપ્ટેમ્બર 2019 દરમિયાન સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી ઈમરાન ખાનના ભારત વિરોધી ભાષણનો સુશ્રી વિદિશા મૈત્રાએ ખૂબ જ આકરો અને ધારદાર જવાબ આપ્યો હતો.
- આથી, એ સમયે તેઓ પ્રસિદ્ધ થયા હતા.

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(D)**

2. ભારતમાં કોનો જન્મદિન 11 નવેમ્બર 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે ઉજવાય છે ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ડૉ. ઝાકિર હુસૈન

(C) શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ (D) શ્રી ચૌધરી ચરણ સિંહ **(C)**

3. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસનું તાજેતરમાં કયા શહેરમાં નિધન થયું છે ?

(A) મેડ્રિડ (B) લોગ્રોનો (C) કોર્ડોબા (D) પાલ્મા **(A)**

4. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસનું નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?

(A) ચેન્નાઈ (B) અમદાવાદ (C) મેડ્રિડ (D) લોગ્રોનો **(D)**

5. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસનું નિધન થયું છે...તેમનો જન્મ કયા દેશમાં થયો હતો ?

(A) ડેન્માર્ક (B) ફ્રાન્સ (C) સ્પેન (D) નેધરલેન્ડ **(C)**

6. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસનું નિધન થયું છે...તેમનું મૂળ નામ શું હતું ?

(A) શ્રી કાર્લોસ ગોન્ઝાલેઝ વાલેસ (B) શ્રી કાર્લોસ બેન્ઝાલિન વાલેસ

(C) શ્રી કાર્લોસ જોગ્રોલિન વાલેસ (D) શ્રી કાર્લોસ નેગ્રોલિન વાલેસ **(A)**

7. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસનું નિધન થયું છે...તેમના પ્રથમ ગુજરાતી પુસ્તકનું નામ શું છે ?

(A) જીવન ઘડતર (B) સદાચાર (C) શબ્દલોક (D) જીવનમંગલ **(B)**

8. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસનું નિધન થયું છે...તેમની આત્મકથા અથવા તો આત્મકથનાત્મક પુસ્તકનું નામ શું છે ?

(A) તરુણાશ્રમ (B) પ્રસન્નતાની પાંદડીઓ

(C) આત્મકથાના ટુકડા (D) વાણી તેવું વર્તન **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. શ્રી ફાધર વાલેસના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તેમને 'કુમાર ચંદ્રક' અને 'રણજીતરામ સુવર્ણચંદ્રક' પુરસ્કાર એનાયત થયા હતા.
2. ભારત સરકાર તરફથી તેમને 'પદ્મ શ્રી' પુરસ્કાર એનાયત થયો હતો.
3. તેમણે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી સાહિત્યના અધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું.
4. તેમણે ગુજરાતમાં ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તક પણ અન્ય લેખકો સાથે મળીને લખ્યા હતા.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2 (D) ફક્ત 1 **(D)**

---

10. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના શિપિંગ મંત્રાલયનું નામ બદલીને નવું કયું નામ રાખવાની જાહેરાત કરી છે ?

(A) શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય
(B) શિપિંગ અને બંદર મંત્રાલય
(C) બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

---

11. સંયુકત રાષ્ટ્રની 'વહીવટી અને બજેટના પ્રશ્નો અંગેની સલાહકાર સમિતિ'ના સભ્ય તરીકે ભારતમાંથી કોણ ચૂંટાઈ આવ્યું છે ?

(A) સુશ્રી વિદિશા મિશ્રા (B) સુશ્રી વિદિશા શર્મા
(C) સુશ્રી વિદિશા વર્મા (D) સુશ્રી વિદિશા મૈત્રા **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 12 NOVEMBER, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 12 નવેમ્બર, વિશ્વ ન્યુમોનિયા દિવસ (World Pneumonia Day)

### ➤ અમેરિકાના રાષ્ટ્રપતિ પદની 59મી ચૂંટણીમાં શ્રી જો બિડેન અમેરિકાના 46મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા



3 નવેમ્બર 2020ના રોજ અમેરિકામાં **અમેરિકાના રાષ્ટ્રપતિ પદ** માટેની **59મી** ચૂંટણીનું આયોજન થયું હતું.

- અમેરિકાના રાષ્ટ્રપતિ પદ માટેની આ ચૂંટણીમાં અમેરિકાના **50 રાજ્યો** તથા રાજધાની **વોશિંગ્ટન ડિ.સી** માં કુલ **538 ઈલેક્ટોરલ વોટ** માટે અથવા તો **ઈલેક્ટ્રોરલ કોલેજના 538 સભ્યો માટે** મતદાન થયું હતું.
- અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા માટે **270** ઈલેક્ટોરલ વોટ મેળવવા જરૂરી હોય છે.
- જોકે, આ ચૂંટણીમાં **12 નવેમ્બર 2020** સુધી જાહેર થયેલા પરિણામો અનુસાર **શ્રી જો બિડેનને** **290** ઈલેક્ટોરલ વોટ મળ્યા છે.
- જ્યારે તેમના હરિફ ઉમેદવાર **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પને** **217** ઈલેક્ટોરલ વોટ મળ્યા છે.
- આ સાથે જ **શ્રી જો બિડેન** અમેરિકાના **46મા** રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પનો આ ચૂંટણીમાં પરાજય થયો છે.

### અમેરિકાના રાષ્ટ્રપતિ પદની વર્ષ 2020ની ચૂંટણીની વિશેષતા

અમેરિકામાં યોજાયેલી આ ચૂંટણીમાં અમેરિકાના વર્તમાન રાષ્ટ્રપતિ તેમના રાષ્ટ્રપતિ પદની **બીજી ટર્મ** માટેની ચૂંટણીમાં પરાજય થયા હોય એવી આ **1992** બાદની પ્રથમ ઘટના છે.

- કેમ કે, શ્રી ડોનાલ્ડ ટ્રમ્પનો બીજી ટર્મ માટેની ચૂંટણીમાં પરાજય થયો છે.
- અમેરિકામાં યોજાયેલી આ ચૂંટણીમાં ઈ.સ. **1900** બાદ અત્યાર સુધીનું **સૌથી વધુ વોટિંગ** થયું હતું.
- જેમાં **શ્રી જો બિડેન** અને **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ** બન્નેને **70 મિલિયન** કરતા વધુ વોટ મળ્યા હતા.
- આ અગાઉ અમેરિકામાં અત્યાર સુધીમાં **શ્રી બરાક ઓબામાને** વર્ષ **2008**માં સૌથી વધુ **69.5 મિલિયન** વોટ મળ્યા હતા.
- જોકે, શ્રી બરાક ઓબામાનો આ રેકોર્ડ તોડીને **શ્રી જો બિડેન** **77 મિલિયન કરતા વધુ** વોટ મેળવીને **અમેરિકા**માં સૌથી વધુ વોટ મેળવનારા રાષ્ટ્રપતિ બની ગયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- અમેરિકાના **Ohio State**માં વિજય ન મળ્યો હોય તેમ છતાં કોઈ ઉમેદવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા હોય એવી આ **1960** પછીની પ્રથમ ઘટના છે.
- જ્યારે અમેરિકાના **Florida**માં વિજય ન મળ્યો હોય તેમ છતાં કોઈ ઉમેદવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા હોય એવી આ **1992** પછીની પ્રથમ ઘટના છે.

## અમેરિકાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર

વર્ષ 2020માં યોજાયેલી અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં લગભગ **1216** જેટલા ઉમેદવારોએ ચૂંટણી લડી હતી.

- જોકે, અમેરિકામાં છેલ્લા 200 કરતા વધુ વર્ષોથી મુખ્ય **બે જ પક્ષોનું** શાસન છે :
  - (1) Republican Party (રિપબ્લિકન પક્ષ) અને
  - (2) Democratic Party (ડેમોક્રેટિક પક્ષ)
- જેમાં અમેરિકાની સત્તાધારી **રિપબ્લિકન પાર્ટીના** ઉમેદવાર તરીકે **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે** આ ચૂંટણીમાં ભાગ લીધો હતો.
- જ્યારે **ડેમોક્રેટિક પાર્ટીના** ઉમેદવાર તરીકે **શ્રી જો બિડેને** આ ચૂંટણીમાં ભાગ લીધો હતો.
- જેમાં **શ્રી જો બિડેન** અમેરિકાના **46મા** રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- જોકે, શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે મત ગણતરીમાં વ્યાપક સ્તરે છેતરપિંડી અને ગેરરીતિ થયાનો આરોપ મૂકીને આ પરિણામ સ્વીકારવાનો ઈનકાર કરીને આ અંગે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

**નોંધ :** (1) **શ્રી જો બિડેનના** હોમ સ્ટેટનું નામ **Devlaware** છે. જ્યારે **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પનું** હોમ સ્ટેટ **ફ્લોરિડા** છે.

(2) અમેરિકાના નવા રાષ્ટ્રપતિ પદ માટેનો શપથ વિધિ સમારોહ હવે પછી **20 જાન્યુઆરી, 2021**ના રોજ યોજાશે.

## શ્રી જો બિડેન દ્વારા કોરોનાથી કામગીરીનો પ્રારંભ

શપથ વિધિ અગાઉ જ શ્રી જો બિડેને **કોરોના અંગે ટાસ્ક ફોર્સ** રચીને પોતાની કામગીરીનો પ્રારંભ કર્યો છે.

- આ ટાસ્ક ફોર્સમાં સહ–અધ્યક્ષ તરીકે ત્રણ વ્યકિતઓની નિમણૂક કરવામાં આવી છે :
  - (1) સુશ્રી કમલા હેરિસ (ઉપરાષ્ટ્રપતિ)
  - (2) શ્રી વિવેક મૂર્તિ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(3) ડૉ. ડેવિડ કેસલર

- આ ટાસ્ક ફોર્સના ત્રણ સભ્યોમાં **ભારતીય મૂળના બે સભ્યો** **સુશ્રી કમલા હેરિસ** અને **શ્રી વિવેક મૂર્તિ**ની પસંદગી કરવામાં આવી છે.
- શ્રી વિવેક મૂર્તિનો પરિવાર ભારતના **કર્ણાટક**માં રહે છે.

## અમેરિકામાં ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી

અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની સાથે જ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી થાય છે.

- અમેરિકામાં મતદાર એક જ વોટથી અમેરિકાના રાષ્ટ્રપતિ અને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ એમ બંનેની એક સાથે પસંદગી કરે છે.
- એટલે કે મતદાર અમેરિકાના કોઈ પક્ષના રાષ્ટ્રપતિને પોતાનો મત આપે તો એ જ પક્ષના ઉપરાષ્ટ્રપતિને એ મત આપો આપ મળી જાય છે.
- આથી, અમેરિકાની રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને એક સાથે વિજેતા જાહેર થાય છે.
- અમેરિકામાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં સત્તાધારી **રિપબ્લિકન પાર્ટી**ના ઉમેદવાર તરીકે ઉપરાષ્ટ્રપતિ **શ્રી માઈક પેન્સે** આ ચૂંટણીમાં ભાગ લીધો હતો.
- જ્યારે **ડેમોક્રેટિક પાર્ટીના** ઉમેદવાર તરીકે **સુશ્રી કમલા હેરિસે** આ ચૂંટણીમાં ભાગ લીધો હતો.
- જેમાં **સુશ્રી કમલા હેરિસ** અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.

® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય મૂળના સુશ્રી કમલા હેરિસ અમેરિકાના પ્રથમ મહિલા ઉપરાષ્ટ્રપતિ બનશે

શપથ વિધિ બાદ ભારતીય મૂળના **સુશ્રી કમલા હેરિસ** અમેરિકાના **ઉપરાષ્ટ્રપતિ** બનનાર અમેરિકાના ઈતિહાસના **પ્રથમ મહિલા** હશે.

- આ ઉપરાંત સુશ્રી કમલા હેરિસ **ભારતીય મૂળના** અમેરિકાના **પ્રથમ ઉપરાષ્ટ્રપતિ** હશે.
- તેમજ **સુશ્રી કમલા હેરિસ** અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બનનાર **પ્રથમ** **એશિયન અમેરિકન** તથા **પ્રથમ આફ્રિકન અમેરિકન** હશે.

**નોંધ :** (1) સુશ્રી કમલા હેરિસના માતા સુશ્રી શ્યામલા ગોપાલનનો જન્મ ભારતમાં તમિલનાડુના ચેન્નાઇ ખાતે થયો હતો.

(2) જ્યારે તેમના પિતા શ્રી ડોનાલ્ડ જે. હેરિસનો જન્મ જમૈકામાં થયો હતો.

(3) સુશ્રી કમલા હેરિસનો જન્મ અમેરિકાના ઓકલેન્ડમાં થયો હતો.

(4) અમેરિકાના નવા રાષ્ટ્રપતિ શ્રી જો બિડેનના દૂરના સગા છેક 1873થી ભારતના મહારાષ્ટ્રના નાગપુરમાં રહે છે.

## શ્રી નિરજ અંતાણી

ભારતીય મૂળના શ્રી નિરજ અંતાણી રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર છે.

- તેઓ ઓહાયો સ્ટેટના સેનેટર તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- આ સાથે જ શ્રી નિરજ અંતાણી અમેરિકાના ઓહાયો સ્ટેટમાં સેનેટર બનનાર ભારતીય મૂળના પ્રથમ વ્યકિત બની ગયા છે.

## અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીની પ્રક્રિયા

અમેરિકામાં દર 4 વર્ષે રાષ્ટ્રપતિ ચૂંટણીનું આયોજન થાય છે.

- જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે કોઈ વ્યકિત વધુમાં વધુ બે ટર્મ માટે એટલે કે 8 વર્ષ સુધી જ ચૂંટાઈ શકે છે.
- અમેરિકાની સંસદ 'કોંગ્રેસ' તરીકે ઓળખાય છે.
- કોંગ્રેસ તરીકે ઓળખાતી અમેરિકાની સંસદમાં બે ગૃહો છે :

  (1) Senate (સેનેટ) અને

  (2) House of Representatives (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ)
- જેમાં 'સેનેટ' એ અમેરિકાની સંસદનું ઉપલું ગૃહ છે.
- જ્યારે 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' એ અમેરિકાની સંસદનું નીચલું ગૃહ છે.
- અમેરિકાની સંસદમાં કુલ 535 સભ્યો ચૂંટાઈને આવે છે.
- જેમાં 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ'ના 435 અને 'સેનેટ'ના 100 સભ્યોનો સમાવેશ થાય છે.
- અમેરિકામાં કુલ 50 રાજ્યો છે.
- આ દરેક રાજ્યના 2-2 પ્રતિનિધિ અમેરિકાની સેનેટમાં હોય છે. એટલે 50 × 2 = સેનેટના કુલ સભ્યોની સંખ્યા 100 થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમેરિકાની સંસદમાં ચૂંટાઈને આવતા સભ્યોની સંખ્યા

| ક્રમ | ગૃહ | ગૃહનું નામ | સંખ્યા |
|---|---|---|---|
| 1 | ઉપલું ગૃહ | સેનેટ | 100 |
| 2 | નીચલું ગૃહ | હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ | 435 |
| | | કુલ | 535 |

**નોંધ :** આ ઉપરાંત અમેરિકાના નીચલા ગૃહ **હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ**માં **6 Non-Voting સભ્યો**નો પણ સમાવેશ થાય છે. આથી અમેરિકાની સંસદમાં **535 + 6 = કુલ 541 સભ્યો** હોય છે.

## ઈલેક્ટોરલ વોટ એટલે શું ?

તાજેતરમાં અમેરિકાની ચૂંટણીમાં **538 ઈલેક્ટોરલ વોટ** માટે મતદાન થયું હતું.

- આથી, અહીં પ્રશ્ન થાય કે ઈલેકટોરલ વોટ એટલે શું ?
- આપણે જેને **'સીટ'** અથવા તો **'બેઠક'** કહીએ છીએ તેને અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં **'ઈલેક્ટોરલ વોટ'** તરીકે ઓળખવામાં આવે છે.
- અમેરિકામાં સંસદના **બંને ગૃહોની** ચૂંટણી **એક સાથે જ** યોજાય છે.
- અને એ ચૂંટણીમાં વિજેતા ઉમેદવારને **અમેરિકાના રાષ્ટ્રપતિ** જાહેર કરવામાં આવે છે.
- તાજેતરમાં અમેરિકાની ચૂંટણીમાં કુલ 538 ઈલેકટોરલ વોટ એટલે કે 538 બેઠકો માટે મતદાન થયું હતું.
- આ 538 બેઠકોમાં નીચેની સીટોનો સમાવેશ થાય છે :

| ક્રમ | ગૃહ/અન્ય | સીટ/ઈલેક્ટોરલ વોટ |
|---|---|---|
| 1 | સેનેટ | 100 |
| 2 | હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ | 435 |
| 3 | રાજધાની વોશિંગ્ટન ડિ.સી. | 3 |
| | કુલ | 538 |

## અમેરિકામાં સૌથી વધુ ઈલેક્ટોરલ વોટ ધરાવતું રાજ્ય

અમેરિકામાં કુલ **50 રાજ્યો** છે.

- તેમાં અમેરિકામાં **કેલિફોર્નિયા**માં સૌથી વધુ 55 ઈલેકટોરલ વોટ એટલે કે 55 બેઠકો આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **કેલિફોર્નિયા** બાદ **બીજા** ક્રમે **ટેક્સાસ**માં **38** અને **ત્રીજા** ક્રમે **ફ્લોરિડા** તથા **ન્યુયોર્ક**માં **29-29** ઈલેક્ટોરલ વોટ આવેલા છે.
- જ્યારે અલાસ્કા અને ડેલેવેર સહિત 7 રાજ્યોમાં સૌથી ઓછા 3-3 ઈલેક્ટોરલ વોટ હોય છે.

## સૌથી વધુ ઈલેક્ટોરલ વોટ ધરાવતા અમેરિકાના રાજ્ય

| ક્રમ | રાજ્ય | ઈલેક્ટોરલ વોટ |
|---|---|---|
| 1 | કેલિફોર્નિયા | 55 |
| 2 | ટેક્સાસ | 38 |
| 3 | ફ્લોરિડા, ન્યુયોર્ક | 29 |

**નોંધ :** અમેરિકાના **50 રાજ્યો** ઉપરાંત અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડિ.સી.ને પણ **3 ઈલેક્ટોરલ વોટ** આપવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચૂંટણી પરિણામમાં ઈલેક્ટોરલ વોટની ગણતરી

અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં કોઈ રાજ્યમાં **સૌથી વધુ** ઈલેક્ટોરલ વોટ વિજેતા ઉમેદવારને એ રાજ્યના **તમામ ઈલેક્ટોરલ વોટ** મળી જાય છે.

- એટલે કે અમેરિકાના કેલિફોર્નિયામાં કુલ 55 ઈલેક્ટોરલ વોટ છે. તેમાંથી એક પક્ષને 27 અને બીજા પક્ષને 28 બેઠકો મળી હોય તો 28 બેઠકો મેળવનાર ઉમેદવારને કેલિફોર્નિયાની તમામ 55 બેઠકો પર વિજેતા જાહેર કરવામાં આવે છે.
- તાજેતરની ચૂંટણીમાં અમેરિકાના **કેલિફોર્નિયા** અને **ન્યુયોર્ક** જેવા **વધુ ઈલેક્ટોરલ વોટ** ધરાવતા રાજ્યોમાં **શ્રી જો બિડેન**નો વિજય થયો હતો.
- આથી, આ રાજ્યોની તમામ સીટો શ્રી જો બિડેનને મળી ગઈ હતી.
- જેને પરિણામે શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના કેટલાક રાજ્યોમાં મતગણતરીમાં વ્યાપક સ્તરે છેતરપિંડી અને ગેરરીતિ થયાનો આરોપ મૂકીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**નોંધ :** (1) અમેરિકાના **પ્રથમ** રાષ્ટ્રપતિ **શ્રી જ્યોર્જ વોશિંગ્ટન** હતા.

(2) અમેરિકામાં આજ સુધી એક પણ મહિલા અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ચૂંટાઈ આવ્યા નથી.

ICE Questions

1. 'વિશ્વ ન્યુમોનિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 નવેમ્બર (B) 11 નવેમ્બર (C) 12 નવેમ્બર (D) 13 નવેમ્બર (C)

2. તાજેતરમાં અમેરિકામાં રાષ્ટ્રપતિ પદ માટેની કેટલામી ચૂંટણીનું આયોજન થયું હતું ?
(A) 54મી (B) 56મી (C) 59મી (D) 61મી (C)

3. શ્રી જો બિડેન અમેરિકાના કેટલામા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે ?
(A) 45મા (B) 46મા (C) 47મા (D) 48મા (B)

4. શ્રી જો બિડેન અમેરિકાના 46મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે....તેમના પક્ષનું નામ શું છે ?
(A) ડેમોક્રેટિક (B) રિપબ્લિકન (C) ફ્રીડમ (D) નેશનલ (A)

5. તાજેતરમાં અમેરિકામાં કુલ કેટલા ઈલેકટોરલ વોટ માટે મતદાન થયું હતું ?
(A) 535 (B) 538 (C) 541 (D) 545 (B)

6. અમેરિકામાં યોજાયેલી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમાં વર્ષ 1900 બાદ અત્યાર સુધીનું સૌથી વધુ વોટિંગ થયું હતું.
2. તેમાં શ્રી જો બિડેનને અમેરિકાના ઈતિહાસમાં સૌથી વધુ વોટ મળ્યા હતા.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ (A)

7. ભારતીય મૂળના સુશ્રી કમલા હેરિસ અમેરિકાના પ્રથમ મહિલા ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે...તેમના પક્ષનું નામ શું છે ?
(A) ડેમોક્રેટિક (B) રિપબ્લિકન (C) ફ્રીડમ (D) નેશનલ (A)

8. ભારતીય મૂળના સુશ્રી કમલા હેરિસ અમેરિકાના પ્રથમ મહિલા ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે...તેમના વિરોધી પક્ષ રિપબ્લિકન પાર્ટીના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારનું નામ શું છે ?
(A) શ્રી માઈક પેન્સ (B) શ્રી માઈકલ જોન્સ
(C) શ્રી જોન્સ જોસેફ (D) સુશ્રી મેરી આયનાવેલી (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9. અમેરિકાના ઓહાયો સ્ટેટમાં સેનેટર તરીકે ચૂંટાનાર ભારતીય મૂળના પ્રથમ વ્યકિત કોણ છે ?**

(A) શ્રી નિરજ અંતાણી (B) શ્રી મુકુંદ પારેખ

(C) શ્રી હર્ષ રાજપરા (D) શ્રી અલ્કેશ ઓઝા **(A)**

**10. અમેરિકામાં સૌથી વધુ ઈલેક્ટોરલ વોટ ધરાવતું રાજ્ય કયું છે ?**

(A) ફલોરિડા (B) ન્યુયોર્ક (C) ટેકસાસ (D) કેલિફોર્નિયા **(D)**

**11. અમેરિકાની રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં અમેરિકાના કેલિફોર્નિયામાં સૌથી વધુ કેટલા ઈલેક્ટોરલ વોટ માટે મતદાન થાય છે ?**

(A) 38 (B) 48 (C) 55 (D) 61 **(C)**




13 NOVEMBER, 2020 FRIDAY

## ➤ દિવસ મહિમા : 13 નવેમ્બર, વિશ્વ દયા દિવસ અથવા તો વિશ્વ દયાળુતા દિવસ (World Kindness Day)

## ➤ IPL 2020માં મુંબઈ ઈન્ડિયન્સ રેકોર્ડ પાંચમી વખત ચેમ્પિયન

19 સપ્ટેમ્બરથી 10 નવેમ્બર 2020 દરમિયાન યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના ત્રણ શહેરો દુબઈ, શારજાહ અને અબુધાબીમાં ભારતની IPLની 13મી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં કુલ 8 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં IPL 2020ની ફાઈનલ મેચમાં દિલ્હી કેપિટલ્સને 5 વિકેટે પરાજય આપીને મુંબઈ ઈન્ડિયન્સે રેકોર્ડ 5મી વખત આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- આ સાથે જ મુંબઈ ઈન્ડિયન્સ સૌથી વધુ 5 વખત IPL વિજેતા પ્રથમ ટીમ બની ગઈ છે.

**સૌથી વધુ IPL વિજેતા ટીમ**

| ક્રમ | ટીમનું નામ | કેટલી વખત વિજેતા |
|---|---|---|
| 1 | મુંબઈ ઈન્ડિયન્સ | 5 |
| 2 | ચેન્નાઈ સુપર કિંગ્સ | 3 |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | 2 |

**નોંધ :** IPL 2020ની ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટનનું નામ શ્રી રોહિત શર્મા છે.

### IPL 2020ની ફાઈનલ મેચ

IPL 2020ની ફાઈનલ મેચ દુબઈના દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- આ ફાનઈલ મેચમાં 30 રન આપીને 3 વિકેટ ઝડપનાર મુંબઈ ઈન્ડિયન્સના શ્રી ટ્રેન્ટ બોલ્ટ 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.

**નોંધ :** શ્રી ટ્રેન્ટ બોલ્ટ ન્યુઝીલેન્ડના ક્રિકેટર છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મેન ઓફ ધ સિરિઝ 2020

IPL 2020માં રાજસ્થાન રોયલ્સના ઓલરાઉન્ડર શ્રી જોફ્રા આર્ચર 'પ્લેયર ઓફ ધ સિરિઝ' જાહેર થયા હતા.

- IPL 2020માં તેમણે 113 રન બનાવ્યા હતા અને 20 વિકેટો ઝડપી હતી.

**નોંધ :** IPLમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા શ્રી જોફ્રા આર્ચર ઇંગ્લેન્ડના ક્રિકેટર છે.

## IPL 2020 એવોર્ડ

આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 670 રન બનાવનાર કિંગ્સ ઈલેવન પંજાબના શ્રી કે. એલ. રાહુલને સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

- જ્યારે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 30 વિકેટ ઝડપનાર દિલ્હી કેપિટલ્સના શ્રી કગિસો રબાડાને સૌથી વધુ વિકેટ માટેનો પર્પલ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

**નોંધ :** IPLમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમતા શ્રી કગિસો રબાડા સાઉથ આફ્રિકાના ક્રિકેટર છે.

### IPL 2020ના ખૂબ જ મહત્ત્વના એવોર્ડ અને અચિવમેન્ટ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી/ટીમ | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | રનર્સ અપ ઓફ IPL 2020 | દિલ્હી કેપિટલ્સ | – |
| 2 | મેન ઓફ ધ મેચ(ફાઈનલ) | શ્રી ટ્રેન્ટ બોલ્ટ | મુંબઈ ઈન્ડિયન્સ |
| 3 | મેન ઓફ ધ સિરિઝ તથા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | શ્રી જોફ્રા આર્ચર | રાજસ્થાન રોયલ્સ |
| 4 | ઓરેન્જ કેપ એવોર્ડ (સૌથી વધુ રન માટે) | શ્રી કે. એલ. રાહુલ | કિંગ્સ ઈલેવન પંજાબ |
| 5 | પર્પલ કેપ એવોર્ડ (સૌથી વધુ વિકેટ માટે) | શ્રી કગિસો રબાડા | દિલ્હી કેપિટલ્સ |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## IPL 2020 અન્ય એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન | શ્રી દેવદત્ત પડિક્કલ | રોયલ ચેલેન્જર્સ બેંગલોર |
| 2 | ફેયર પ્લે એવોર્ડ | – | મુંબઈ ઈન્ડિયન્સ |
| 3 | ડ્રીમ 11 ગેમ ચેન્જર ઓફ ધ સિઝન | શ્રી કે. એલ. રાહુલ | કિંગ્સ ઈલેવન પંજાબ |
| 4 | સૌથી વધુ સિક્સનો એવોર્ડ | શ્રી ઈશાન કિશાન | મુંબઈ ઈન્ડિયન્સ |

## IPL ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને અપાતી રકમ

### IPL Prize Money

| ક્રમ | વિશેષતા | રકમ રૂપિયામાં |
|---|---|---|
| 1 | વિજેતા ટીમ | 20 કરોડ |
| 2 | રનર્સ અપ | 12.5 કરોડ |
| 3 | સેકન્ડ રનર્સ અપ | 6.25 કરોડ |
| 4 | ચોથા નંબરની ટીમ | 6.25 કરોડ |



| IPL 2020માં વિજેતા ટીમનો ક્રમ | | |
|---|---|---|
| **ક્રમ** | **વિશેષતા** | **ટીમનું નામ** |
| 1 | વિજેતા ટીમ | મુંબઈ ઈન્ડિયન્સ |
| 2 | રનર્સ અપ | દિલ્હી કેપિટલ્સ |
| 3 | સેકન્ડ રનર્સ અપ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| 4 | ચોથા નંબરની ટીમ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |

**નોંધ :** IPLમાં ઓરેન્જ કેપ,પર્પલ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીઓને 10-10 લાખ રૂપિયા ઈનામ તરીકે આપવામાં આવે છે.

## IPL

IPLનું પૂરું નામ **'ઈન્ડિયન પ્રીમિયર લીગ'** છે. IPLએ ભારતની **પ્રોફેશનલ T-20 ક્રિકેટ લીગ** છે.

- **BCCI** દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- IPLની સ્થાપનામાં **શ્રી લલિત મોદી**ની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશનર હતા.
- IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ **2008**માં યોજાઈ હતી. વર્ષ 2008થી દર વર્ષે **એપ્રિલ-મે** દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.
- વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ **રાજસ્થાન રોયલ્સ** છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ **પાંચ** વખત આ ટુર્નામેન્ટ વિજેતા ટીમનું નામ **મુંબઈ ઈન્ડિયન્સ** છે.
- તાજેતરમાં IPL વિજેતા મુંબઈ ઈન્ડિયન્સે **2020** ઉપરાંત વર્ષ **2019, 2017,2015** અને **2013**માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- IPLનું સંચાલન **BCCI** દ્વારા કરવામાં આવે છે.
- BCCIનું પૂરું નામ **'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા'** છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| IPL ટુર્નામેન્ટ વિજેતા ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
| પ્રથમ | 2008 | રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| દસમી | 2017 | મુંબઈ ઈન્ડિયન્સ | રાઈઝિંગ પૂણે સુપરજાયન્ટ |
| અગિયારમી | 2018 | ચેન્નાઈ સુપર કિંગ્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| બારમી | 2019 | મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| તેરમી | 2020 | મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી કેપિટલ્સ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) <u>સ્ટાર સ્પોર્ટ્સે</u> વર્ષ 2018 થી 2022 સુધી પાંચ વર્ષ માટે રૂા. 16,347.5 કરોડમાં IPLના મીડિયા રાઈટ્સ ખરીદ્યા છે.

(2) IPL 2019માં <u>દિલ્હી ડેરડેવિલ્સ</u> ટીમનું નામ બદલીને <u>'દિલ્હી કેપિટલ્સ'</u> કરવામાં આવ્યું હતું.

(3) IPLના વર્તમાન ચેરમેન (13 નવેમ્બર, 2020ની સ્થિતિએ) <u>શ્રી બ્રિજેશ પટેલ</u> છે.



ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ દયા દિવસ' અથવા તો 'વિશ્વ દયાળુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર | (B) |
| 2. | યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના કયા શહેરમાં IPL 2020ની મેચોનું આયોજન થયું હતું ?<br>(A) દુબઈ (B) શારજાહ (C) અબુધાબી (D) ઉપરોક્ત ત્રણેય | (D) |
| 3. | વર્ષ 2020 દરમિયાન IPLની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?<br>(A) તેરમી (B) બારમી (C) દસમી (D) અગિયારમી | (A) |
| 4. | IPL 2020માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?<br>(A) 6 (B) 10 (C) 7 (D) 8 | (D) |
| 5. | IPL 2020 વિજેતા ટીમનું નામ શું છે ?<br>(A) સનરાઈઝર્સ હૈદરાબાદ (B) મુંબઈ ઈન્ડિયન્સ<br>(C) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (D) ચેન્નાઈ સુપર કિંગ્સ | (B) |
| 6. | IPL 2020ની ફાઈનલ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે કઈ ટીમને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી હતી ?<br>(A) દિલ્હી કેપિટલ્સ (B) કિંગ્સ ઈલેવન પંજાબ<br>(C) ચેન્નાઈ સુપર કિંગ્સ (D) સનરાઈઝર્સ હૈદરાબાદ | (A) |
| 7. | IPL 2020ની ફાઈનલ મેચ કયા ગ્રાઉન્ડ પર યોજાઈ હતી ?<br>(A) શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ (B) શેખ ઝાયેદ ક્રિકેટ સ્ટેડિયમ<br>(C) દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ (D) ત્રણમાંથી કોઈ નહિ | (C) |
| 8. | IPL 2020ની ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી એન્દ્રુ રસેલ (B) શ્રી કેન વિલિયમ્સન<br>(C) શ્રી રિષભ પંત (D) શ્રી ટ્રેન્ટ બોલ્ટ | (D) |
| 9. | IPL 2020માં મેન ઓફ ધ સીરિઝ (અથવા પ્લેયર ઓફ ધ સીરિઝ) અથવા તો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી રિષભ પંત (B) શ્રી ઈમરાન તાહિર<br>(C) શ્રી ડેવિડ વોર્નર (D) શ્રી જોફ્રા આર્ચર | (D) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10. IPL 2020માં સૌથી વધુ રન માટેના ઓરેન્જ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?**

(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી મહેન્દ્રસિંહ ધોની

(C) શ્રી કે. એલ. રાહુલ (D) શ્રી એન્ડ્રુ રસેલ **(C)**

**11. IPL 2020માં સૌથી વધુ વિકેટ માટેના પર્પલ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?**

(A) શ્રી શેન વોટ્સન (B) શ્રી સુનીલ નરીન

(C) શ્રી રિષભ પંત (D) શ્રી કગિસો રબાડા **(D)**

**12. IPL 2020માં ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?**

(A) શ્રી શેન વોટ્સન (B) શ્રી દેવદત્ત પડિક્કલ

(C) શ્રી એન્ડ્રુ ટાય (D) શ્રી રિષભ પંત **(B)**

**13. IPLનું પૂરું નામ શું છે ?**

(A) ઈન્ડિયન પ્રાઈવેટ લીગ (B) ઈન્ડિયન પ્રો લીગ

(C) ઈન્ડિયન પ્રીમિયર લીગ (D) ઈન્ડિયન પ્રીમિયમ લીગ **(C)**

**14. ભારતની પ્રોફેશનલ T-20 ક્રિકેટ લીગનું નામ શું છે ?**

(A) ICL (B) ICC (C) IICC (D) IPL **(D)**

**15. BCCI દ્વારા IPLની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું ?**

(A) 2005 (B) 2006 (C) 2007 (D) 2008 **(D)**

**16. વર્ષ 2018થી 2022 સુધી પાંચ વર્ષ માટે IPLના મીડિયા રાઈટ્સ કોણે ખરીદ્યા છે ?**

(A) Zee TV (B) NDTV (C) Vivo (D) STAR Sports **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




# ONE LINER
CURRENT AFFAIRS

## ભારત

### ➤ શ્રી સૂર્યકુમાર યાદવ ઈન્ટરનેશનલ ડેબ્યૂ અગાઉ જ 100 IPL મેચ રમનારા પ્રથમ ક્રિકેટર બન્યા

IPLમાં મુંબઈ ઈન્ડિયન્સના ક્રિકેટર શ્રી સૂર્યકુમાર યાદવે 5 નવેમ્બર 2020ના રોજ IPLમાં 100 મેચો પૂરી કરી હતી. આ સાથે જ શ્રી સૂર્યકુમાર યાદવ એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા વગર 100 IPL મેચ રમનાર પ્રથમ ક્રિકેટર બની ગયા છે. આ ઉપરાંત તેઓ એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા વગર IPLમાં 2000 રન બનાવનાર પણ પ્રથમ ક્રિકેટર છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ 'પક્કે ટાઈગર રિઝર્વ' પોતાના કર્મચારીઓને COVID-19 વીમા કવચ ઉપલબ્ધ કરાવનાર પૂર્વોત્તર ભારતનું પ્રથમ ટાઈગર રિઝર્વ બન્યું

ભારતના 'પક્કે ટાઈગર રિઝર્વ' માં કામ કરતા તમામ કર્મચારીઓને COVID-19 વીમા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. આ સાથે જ 'પક્કે ટાઈગર રિઝર્વ' પોતાના કર્મચારીઓને COVID-19 વીમા કવચ ઉપલબ્ધ કરાવનાર પૂર્વોત્તર ભારતનું પ્રથમ ટાઈગર રિઝર્વ બની ગયું છે. આ ટાઈગર રિઝર્વ ભારતના અરૂણાચલ પ્રદેશમાં આવેલું છે.

## ICE Questions

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા વગર IPLમાં 100 મેચ રમનાર પ્રથમ ક્રિકેટર કોણ છે ? – શ્રી સૂર્યકુમાર યાદવ

➤ એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા વગર IPLમાં 2000 રન બનાવનાર પ્રથમ ક્રિકેટર કોણ છે ? – શ્રી સૂર્યકુમાર યાદવ

➤ 'પક્કે ટાઈગર રિઝર્વ' ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – અરૂણાચલ પ્રદેશ

➤ પોતાના કર્મચારીઓને COVID-19 વીમા કવચ ઉપલબ્ધ કરાવનાર પૂર્વોત્તર ભારતનું પ્રથમ ટાઈગર રિઝર્વ કયું છે ? – પક્કે ટાઈગર રિઝર્વ




# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. પ્રદૂષણ સંબંધિત ફરિયાદ કરવા માટે દિલ્હી સરકારે કઈ મોબાઈલ એપ લોન્ચ કરી છે ?

– ગ્રીન દિલ્હી એપ (Green Delhi App)

(દિલ્હીમાં વધતા જતા વાયુ પ્રદૂષણને કારણે દિલ્હી સરકારે આ નિર્ણય કર્યો છે.)

2. તાજેતરમાં કઈ અવકાશ એજન્સીએ ચંદ્રની ધરતી પર પાણીની શોધ કરી છે ? – નાસા

3. નાસાની કઈ ઓબ્ઝર્વેટરીએ ચંદ્રની ધરતી પર પાણી હોવાની શોધ કરી છે ?

– સોફિયા (SOFIA)

(SOFIAનું પૂરું નામ Stratospheric Observatory for Infrared Astronomy છે. સોફિયા દ્વારા ચંદ્રના દક્ષિણ ગોળાર્ધમાં આવેલા 'કલેવિયસ ક્રેટર'માં આ પાણીના અણુઓ ($H_2O$)ની શોધ કરવામાં આવી છે.)

4. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની નવી વેબસાઈટનો શુભારંભ કરાવ્યો છે...આ વેબસાઈટ કેટલી ભાષામાં ઉપલબ્ધ છે ? – 8

(આ વેબસાઈટ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રની માન્ય ભાષાઓ સાથે કુલ 8 ભાષામાં ઉપલબ્ધ છે.)

5. કયા દેશે તાઈવાનને 600 મિલિયન ડોલરના સશસ્ત્ર ડ્રોનના વેચાણને મંજૂરી આપી છે ?

– અમેરિકા

(જોકે, ચીન દ્વારા અમેરિકાના આ નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો છે. કેમ કે, ચીન તાઈવાનને પોતાનો ભાગ માને છે. આ અગાઉ તાજેતરમાં જ અમેરિકાએ તાઈવાનને 237

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

કરોડ ડોલરના ખર્ચે હાર્પૂન મિસાઈલ વેચવાનો પણ નિર્ણય કર્યો હતો.)

6. તમિલનાડુ સરકારે ઈલેક્ટ્રીક વાહનો પરના ટેક્સમાં કેટલા ટકા છૂટ આપવાની જાહેરાત કરી છે ? – 100 ટકા

(તમિલનાડુમાં ઈલેક્ટ્રીક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે તમિલનાડુ સરકારે આ નિર્ણય કર્યો છે.)

7. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે ઈલેક્ટ્રીક વાહનો પરના ટેક્સમાં 100 ટકા છૂટ આપવાની જાહેરાત કરી છે ? – તમિલનાડુ

8. 'વિશ્વ રેડિયોલોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 8 નવેમ્બર

9. ભારતમાં દિવાળીના તહેવાર દરમિયાન ખરાબ વાયુ ગુણવત્તા ધરાવતા રાજ્યોમાં ફટાકડા ફોડવા પર કઈ સંસ્થાએ પ્રતિબંધ મૂક્યો છે ? – NGT

(NGT એ ભારતમાં પર્યાવરણની જાળવણી અંગેની મુખ્ય સંસ્થા છે. NGTનું પૂરું નામ National Green Tribunal છે.)

10. IPU અથવા તો Inter Parliamentary Unionના નવા અધ્યક્ષ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ? – શ્રી ડ્યુઆર્ટે પચેકો (પોર્ટુગલના સાંસદ)

11. Paytm, Google Pay, Phone Pay બાદ તાજેતરમાં ભારતમાં કોના દ્વારા ડિજિટલ પેમેન્ટ સેવા શરૂ કરવામાં આવી છે ? – Whats App

(વ્હોટ્સ એપના ભારતમાં લગભગ 40 કરોડ જેટલા યુઝર્સ છે. તેમાંથી હાલ પસંદગીના 2 કરોડ કસ્ટમર માટે હાલ આ સેવા શરૂ કરવામાં આવી છે.)

12. કોની મંજૂરી બાદ વ્હોટ્સ એપ દ્વારા ભારતમાં ડિજિટલ પેમેન્ટ સેવા શરૂ કરવામાં આવી છે ? – National Payments Corporation of India (NPCI)

(વ્હોટ્સ એપ પે સર્વિસ ભારતની 10 ભાષાઓમાં ઉપલબ્ધ થશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. પહેલા તબક્કામાં 5 વિમાન બાદ બીજા તબક્કામાં 4 નવેમ્બર 2020ના રોજ કેટલા રાફેલ વિમાન ફ્રાન્સથી ભારત આવી પહોંચ્યા છે ? – ત્રણ

(4 નવેમ્બર 2020ના રોજ ભારતમાં રાફેલ વિમાનની કુલ સંખ્યા 8 થઈ ગઈ છે. એપ્રિલ 2021 સુધીમાં કુલ 21 રાફેલ વિમાન ફ્રાન્સ દ્વારા ભારતને સોંપવામાં આવશે.)

14. નવેમ્બર, 2000 દરમિયાન ગુજરાત વિધાનસભાની કુલ કેટલી બેઠકો માટે પેટાચૂંટણીનું આયોજન થયું હતું ? – આઠ

(આ તમામ 8 બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે.)

15. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'International Academic Freedom Index 2020'માં પ્રથમ ક્રમે કયા બે દેશ છે ? – ઉરુગ્વે અને પોર્ટુગલ

(આ ઈન્ડેક્સમાં 0 થી 1ની વચ્ચે સ્કોર આપવામાં આવ્યા છે....જેમાં આ બે દેશો 0.971ના સ્કોર સાથે પ્રથમ ક્રમે છે.)

16. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'International Academic Freedom Index 2020'માં ભારતનો સ્કોર કેટલો છે ? – 0.352

(0.352ના સ્કોર સાથે આ ઈન્ડેક્સમાં ભારતનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહયું છે.)

17. ભારતીય સેનાની ગોરખા રાઈફલ્સમાં સૌપ્રથમ વખત કયા રાજ્યના બિન–ગોરખાઓની ભરતી માટે મંજૂરી આપવામાં આવી છે ? – ઉત્તરાખંડ

18. તાજેતરમાં કયા દેશમાં H1H2 વાઈરસથી સંક્રમિત માનવનો પ્રથમ કેસ નોંધાયો છે કે જે સ્વાઈન ફ્લૂનું એક દુર્લભ લક્ષણ છે ? – કેનેડા

19. તાજેતરમાં ઉત્તરાખંડના સ્થાપના દિવસ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી છે ? – 9 નવેમ્બર, 2020

(9 નવેમ્બર, 2000ના રોજ ભારતના 27મા રાજ્ય તરીકે ઉત્તરાખંડની સ્થાપના થઈ હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT